॥ ॐ ॥

श्री बाबुलनाथो विजयतेतराम्

શ્રી

શારદા વિજય

નાટકનાં ગાયનો

રચનાર:—

મરહુમ સાક્ષર કવી વિજયશંકર કાળીદાસ વૈદ્ય.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી શંકર વિજય નાટક સમાજના માલેક

બ્રહ્મક્ષત્રીય કલ્યાણજી કાળીદાસ.

મુંબઇ:

શ્રી "સરસ્વતિ" પ્રીન્ટીંગ પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ,

નં. ૩૩૨-૩૩૪ ના મકાનમાં

મગનલાલ જગજીવનદાસે છાપી છે.

સંવત ૧૯૬૭   આવૃતી ૪ થી   સને ૧૯૧૧.

કીંમત ૨ આના.

શ્રી શારદા વિજય.

ગાયન.

૧

શ્રી દેવી શારદે.
બીડ ભંજની ભક્તની ભારતી મા,
ચરણ શરણમાં લે, લે, લે. શ્રી દેવી૦
શ્વેત વસ્ત્ર વપુશ્વેત ધારિણી,
હંસ વાહિની બ્રહ્મચારિણી.
માત વિજય વર દે, દે, દે. શ્રી દેવી૦

૨

આજ કોણ વિશ્વે વિજય વરનાર છે ?
જે છે લક્ષ્મીનો યાર કે છે વિદ્યા વરનાર—કોણ૦
વરે વિદ્યા વિજય લક્ષ્મી હાર છે
શી છે આપો સાબીતી આધાર—
ચોરે ચોરને લુંટારૂ લુંટનાર છે
ખાતાં ખરચે છે લક્ષ્મી જનાર—
ચોરો ચોરાય જેમ લુંટો લુંટાય જેમ,
ખરચો ખરચાય તેમ વિદ્યા વધનાર—કોણ૦

૩

સુમન સુગંધિત સુરસ સુરંગિત, રહ્યાં વિકસિત શાં બાગે જો
કળી કળી અલી અલી રમતાં ભમતાં ચુમતાં રસ શા લાગે જો
સુણી મીઠડાં પંખી ગીતડાં, હરણ ચિત્ત શાં ભાગે જો

૩

લ્હેરખી પવનની સખી શાન્તિ ઝરણુ શીત શાં વાગે જો
અતી અદભુત કુદરત કૃતિ ગતિકો માહા મતિ તેને તાગે જો
—સુમન.

૪

ી કેવો ખીલ્યો જોબનીયાનો બાગ છે
ખીલ્યા છે ગાલ કે ખીલ્યાં છે ગુલાબ એ
લુટી જો પરાગ લે, છુટી કેશ નાગ છે—ખીલ્યા.
હેમ સુધારસ ભર નેણુ સ્નેહ સરવર
કીકી જો સ્વચ્છ છે મચ્છ બરાબર
અખંડ અમૃત જેને ભાગ છે
નિશંક તે મીન મહા ભાગ્ય છે-—ખીલ્યો.

૫

ગરબો.

સેવો સતી બ્હેન શાણી, પ્રેમ આણી,
જાણી પતિ ભગવાન—સેવો૦
જાણી જીવ પ્રાણ, જાણી સુખ ભાણ,
જાણી ગુણ ખાણ, રૂપના નિધાન—સેવો
વેદની છે વાણુ, તિર્થ ધામ છે તમામ-સ્ત્રીઓને સ્વામ.
ગતિ પતિથી યુવતિની,
પતિ વિના કોઇ ના કોઇ ના કોઇ ના,
છે ત્રિભુવને ભામા ભગવાન—વેદની છે.

સાખી.

તરવા ભવસાગર મળ્યું, જે માનવ તન નાવ,
તેનું શ્યામ સુખાન છે, રાખી ધ્યાન ચલાવ.
ધરી સુખાન કંથ, ધર્મ પંથ વીચરી,
પતિ પરાયણા મહા સતી ...

વર્ગે વિરાજીરે, સ્વર્ગે હરી—સતી તણારે
અર્ધું તણી દેવ મુની પણ કરે છે સદા સેવના—સતી.

સાખી.

સતી અનસુયાનું ગયા સત જોવા જે કાળ,
હરિહર ને બ્રહ્મા બન્યા, સતી માતાના બાળ.
એવો સતી તણો મહિમા છે ઘણો,
રાખી એ જ્ઞાન, સેવો એક તાન—બ્હેન શાણી.

૬

જા જા ગોલા બહુ બોલા શું ડોળા બતાવે.
બાળી ભોળી તેં ભાળી તે નારી બીચારી,
તું શું દમ મારીને દબાવે—જા. જા.
સારૂં કુમારી નહીં થાવું છે,
તુંથી ભાવી નહી ભુસાવું છે,
જો તું માન,
જા નાદાન,
(પ્રભુ) બેલી શ્રી સત્યનો બચાવે જ્યાં
તું શું ફાવે ત્યાં—જા. જા.

૭

રમો કુદો આવો ગેડી દડા લાવો,
જોડી જોડી જાઓ ભેરૂઓ થાઓ.
ગેડી ને દડે ન રમ્મત ચડે ન
ગમ્મત પડે લગાર,
આંખ મીચામણી છૂપ છૂપામણી,
ઘોડા દોડામણી એજ ચલાવ. (૨)
કામ કરો [illegible] સાચો,

૮

વાહ ન્યારી શી ખૂબી છે ભાગ્ય તારી,
નાખો સવળ કરે દાવ અવળ પડે,
જો તું ફરે કરે છત્રધારી ભીખારી—ન્યારી૦
મ્હોત મળે ચડી રહ્યો મણીધર જ્યાં
જો તું ફળે તો મળે મણીકર ત્યાં
ભાળી ફૂટી તારી મતિ ભારી ગઇ હારી—ન્યારી૦

૯

જાઓ જાઓ છોડો છેડો
ન છેડો ન કેડો લ્યો નાહીં સતાવો—
રસ પ્યાલા પીઓ પાવો—
સંગે પિયુની, રંગે જોબનીયું
માણી લ્યોને લ્હાવો રે—જાઓ.

૧૦

હું તો પ્રેમની જોગણુ પિયુને શોધવા ચાલી
શોધવા ચાલી પિયુને શોધવા ચાલી—હું તો૦
રાજની ભોગણુ બની શીરતાજની જોગણુ પિયુને શોધવા ચાલી,
પ્રેમની કફની ધરીને પ્રેમની ઝોળી,
અંગે ભભુતી પ્રેમની બસ પ્રેમથી ચોળી—પિયુ૦
કરૂં સાધના શૃંગારની, કરૂં શ્યામનું દરશન,
રટું મંત્ર કર માળા લઇ, બસ પ્રિયતમ પ્રિયતમ—પિયૂ૦

૧૧

કાગ વીરા વેગે વાલમને દે જા દુખીનો સંદેશ,
જોગણુને વેષે વીજોગણી કે જા ભમે દેશોદેશ.
જામે જીતની ખુધ હએ
ધતનો કહે બતાય

વાંકો બુરો ન માનીયે
ઓર કહાંસે લાય
ગાગરના પાણી રૂકી છબે
સાગર ન માઝા મુકી છબે
નીતિનો ધારો એ ધારો પ્રાણેશ
દોષો ન ધારો પધારો પ્રાણેશ—કાગ.

૧૨

લેશ ન લ્હેર પવનની વાયે, તેમ ન પંખી જણાયે
તોયે સ્થીર ગંભીર જલ માંહે કાં તું ડોલાં ખાયે
દેખી મુજ દુઃખ શીર કંપાવે, કે મરતી મુજને અટકાવે.

૧૩

પ્રથમ કમળ ડોલી કહે તુજને
નથી પતિ તુજ આ હામે
પછી ડોલી સમજાવે સાને
જીવતો ભદ્રા પામે
પ્રાણ તું ના પરહર પ્યારી—નજર કર આમ મનોહારી.

૧૪

જાઓ કંથ કૂડા આળ શું ચડાવો છો.
ભૂલ્યો ભૂલ્યો રસીલી વ્હાલી,
ભૂલ્યો રંગીલી વ્હાલી,
ભૂલ્યો છબીલી વ્હાલી,
આવો શું રીસાઓ છો—જાઓ૦
આવો આવો જોબન જંગ ખેલીયે,
આવો આવો મદન રંગ રેલીયે,
આરો મધુર બાળા,
આવો ચતુર વ્હાલા,
પાઓ મધુ રસાળા,
પ્રિતીના પૂર પ્યાલા,
જાઓજી જાઓજી જાઓ શું સતાવો છો—જાઓ૦

૧૫

જાન જાય તોયે ના ના ન છોડું
જાન—૦

ફરી ફરી ફરી, સ્થળ સ્થળ સ્થળ
કરી કરી કરી, કલ બલ છલ—જાન૦

૧૬

શી ખીલી જુવાની જાદુગારી ભારી મારી
ગુલાબી રંગે છે રંગી અનંગે, જે જંગી સંગે જીતનારી
જોઇને મોહીને ખોઇ બેઠા શર્મ, પર્મ કર્મ ધર્મ ધારી—શી૦
ગોરાશા ગાલોને નાગણુશા વાળોને
કામણુની જાળો પસારી,
લીધી ફસાવી લાખો નરને કીધાં મેં જરઘર બનાવી ભીખારી-શી૦
વિલાસી નામે ને ગુણીકાને કામે, છું ગામે જાણીતી હું નારી
પંખી મન ધારૂં તો ગગને પણ મારૂં છું એવું પણ મારી—
શીકારી—શી ખીલી.

૧૭

રાજપૂરનો રહેનારો આ થયો મુજ ઘેરે મહેમાન,
મેં પણ રાખ્યો ખુશી થકી ધારી છે ધાર થકી અંજાણ.
વાત ચીતમાં બેઠાંતાં બન્ને ત્યાં બારી પર જઇ કહ્યું,
ગજ ગજ મોટાં પાન ભરી જો પેલી ગલીમાં ગાડું ગયું.
હું પણ થઇ નાદાન ખરી કે જાણી ખરૂં એ જોવા ગઇ,
પુછો તે પાછળ આ મારા શેઠ તણી કેવી ગત થઇ.
મેં આવીને પૂછ કરી કે બાઇ વિલાસી કયાં ગઇ છે,
કહે મને કે ગઇ વિલાસી કોઇ પુરૂષ સંગે લઇને.
ચડયો ક્રોધ ને પડયો પાછળો પાછળ આવી વિલાસી,
કહે મજને કે ગયા શેઠ તો કોઇ નારી સંગે નાસી.
હું પણ ક્રોધે થઇને રાતી માતી તેની પુંઠે વળી,
પાછળથી આ માડી મારી મંદીરથી ઘર પાછી વળી,
મને કહે કે રાજપુરેથી અશુભ વાત એક આવી છે,
તેથી કરવા સ્નાન વિલાસી નદી પરે સીધાવી છે.
રાજપુરે મુજ પતિ રહે છે મેં જાણ્યું કે એજ મુવા,
છતે ધણી કૂટયાં પીટયાં ને ફોગટ હાય ફજેત મુવા.

૧૮

ગાયન.

થાશું થાશું અમે મોટા શેઠીયા
જોશું જાશું બની ઠની શેઠીયા
રંગીલા શેઠીયા, રસીલા શેઠયા, છબીલા શેઠીયા
ઓહો ! થાશું૦
ભટ્ટાણી જોઇ શેઠ આનંદમાં ભેટીયા
શેઠાણી શેઠીયા ગાડીમાં બેટીયા--
ચાર ઘોડાની ગાડી ચલાવ ચોપાટી--થાશું૦

૧૯

ફરકો ધ્વજ ધર્મ કેરો, ધારાધિપતી તણો ત્રણ ભુવને-ફરકો૦
નામો આરિ નરવર તણે ચરણે મુખ તરણે--ફરકો૦
દુરજનને પરહરતાં સજ્જનને સંધરતાં
ગુણી જનનાં ધર ભરતાં ભોજ ભુપાળ
ભય વામો વિજય પામો અક્ષય જામો રાજ્યાસને--ફરકો૦

૨૦

દીવાનાં દીલડાં, ડાહ્યું જરી તું થારે,
મસ્તાનાં મનડાં માની જરી સ્થિર થારે,
કાં નાહક મરવા બની પતંગ દીવે ધારે--દીવાનાં૦
દીવાને દરકાર નહીં બળી બળી મરે પતંગ,
એવો જીવડા જાણુ તું જુઠો પ્રિતિનો રંગ,
એવા જુઠા રંગે ન રંગારે--દીવાનાં
જે સુરત પર મોહીને તું તરફડી મરે અહીં,
તેને તારૂં સ્વપ્ન નહીં મીઠી નીંદર મહીં,
મિથ્યા આશા તાણે ન તણારે--દીવાનાં૦

૨૧

સખી જેણે મોહ મદીરા પીધો
જાણો છતી આંખે અંધાપો લીધો—સખી૦
કર્મ આચાર ત્યાગી શર્મ વિચાર ત્યાગી
ધર્મ આધાર ત્યાગી દીધો
[illegible] ...ંતાપ માગી લીધો—સખી૦

વિદ્યા વિવેક ત્યાગી કુળની ટેક ત્યાગી
છેક આહાર ત્યાગી દીધો
ત્યાગી તેણે ઉંઘ ઉજાગરો લીધો—સખી૦

૨૨

કેને બ્હેની શું જોઇ મોહી બેઠી ખોઇ શુદ્ધ સાન તું—કેને૦
બેઠી મેલી ઘેલી ખાનપાન તું—
મોહી કાયાને જોઇ—માયાને જોઇ
અમારી વાતની તારે પંચાત શી જા જીવ ખા ન તું-કેને૦
ચાલ ચટકે મોહી છે શું કેની
મુખ મટકે મોહી છે શું બેન
કેની એવા શાં કામણે બની બેભાન તું—કેને૦

૨૩

મારી કરીને મોહ બાણ કવી કુડા,
કાતીલ થઇ આમ ન સતાવ
ચોરી કરીને ચીત પ્રાણ કવી કુડા—કાતીલ૦
તારા પ્રેમની લગની લાગી મુને
કુડા કામની જ્વાળા જાગી મને
જાગ જાગ બળું આગથી બચાવ કવી કુડા—કાતીલ

૨૪

ખરેખર તુલસી સમ ગતી તારી
જાત જુદી પણ ભાત એક છે
એક પુરૂષ તું નારી—ખરેખર૦
ગાંડો તે ગુણિકા પુંઠે તું મારા પર જેમ
ત્યાં થઇતી ગત તે તણી તારી અહીં થઇ તેમ—ખરેખર૦
કાષ્ટ ગણીને શબ ધરી, ઉતર્યો તે નદીપાર
સમજી દોરી સાપને, પકડી ચડયો અટાર—
તેં અગ્નીને ફુલ ગણી, ધર્યાં હાથ મોઝાર
બની પ્રેમાંધ ધર્યો અરે અવળો જો શણગાર—
દ્દઢ વૃતી દ્દઢ પ્રાણ છે, બેના એક સમાન
તુલસી સમ તર તુંય લઇ વેશ્યા વચન પ્રમાણ—ખરેખર૦

૨૫

મુરખ મનવા તજ તોફાન

માત તાત સુત બાંધવ બેની
માયા તણા ગુલામ—રટ તું૦
હાય હાય કરી રળે હજારો
કોઇ ન આવે કામ—રટ તું
બાગ બંગલા છોડી છેવટ
જઇ વસવું સમશાન-રટ તું૦

૨૬

તોફાની દરીયે નાવ તમારૂં ગોથાં ખાયરે
મરતાની દરીએ નાવ તમારૂં ગોથાં ખાયરે—તોફાની૦
માયા પી સૂતા શું મૂરખ જાગી કરો ઝટ રહાય—
પાપી પવનના ખાઇ પછાડા, ભાડે જઇને ભરાયરે-તોફાની૦
મહા સાગર તો માપી આવ્યા ખાડે ખુંચી જાય—
લખ ચોરાશી બંદર કીધાં, ફોગટ ફેરો થાય રે—તોફાની૦

૨૭

પરદેશી મુસાફર માર્ગ વિકટ છે ચેતી ચાલજો
આ દેશ તણી વસ્તી સહુ ઠગ છે ચેતી ચાલજો
માયા છે અહીંની મહારાણી, ચોર તણી પણ ચોર
મોહ મદીરા પાઇ બનાવે અંધ એ રાંડ નઠોર
યથા રાજા તથા રૈયત છે, એક ચોર તો એક ઠગ છે
ઉપર તો ધોળા બગ છે પણ અંતર કાળા કાગ છે—ચતુર નર૦
કોઇ કહેશે માત તમારી, કોઇ કહેશે તાત
કોઇ કહેશે ત્રીયા તમારી, કોઇ કહેશે ભ્રાત
ચતુર ચોરોની એ ચતુરાઇ, સમજી જો સત્ય સગાઇ
ભોળા ગયા ભુલ ખાઇ, તો લાખો જશો લુંટાઇ-ચતુર નર.

૨૮

રાજે રાજ્યાસનને રાજે જેવા રવી શશી ગગને
ગાજે ત્રિભૂવને ગાજે જેવાં જળ દળ ગગને
છાજે રૈયતને, અવિચળ પદે
છાયું જેવું છે ભૂતળ ગગને—
નિતી ન્યાએ નિરમળ, જળ દળ—રાજે

૨૯

શાને સતાવો પિયુ બોળીને

કે નારનું ભાન ધર બારનું
ાએ રહી મારે રાવોરે
નાવો
નાવો ને મલકાવો
આનંદ ઉભરાવો............શાને.

૩૦

રંગે રસીલી વાલમજીનું નામ રટો,
દુ.ખીયાંને કાં ઘો છો ડામ
આવે તારા સ્યામ..................રંગે.
એ......વેરણુ થઇ આ રાત હવે તો
શ્યામ વિના આ સરવે શ્યામ
સ્વપ્નાં દંપતિનાં ગોઠવતું થશે આરામ
વિરહી બાળા
મૂકો ચાળા
છેલ છોગાળા
હો લટકાળા
આવે તારો શ્યામ.................રંગે.

૩૪

ધન્ય ભાગ્ય શ્રી દેવી ફળીયાં અમારાં (૨)
પુર્ણ પુન્ય શ્રી દેવી ફળીયાં અમારાં (૨) ધન્ય૦
ફીકર છોડાવીને સારી દીધાં કાજ (૨)
આનંદ પાર નહિ રાખી અમ લાજ (૨)

સમાપ્ત.